# **જાહેરાત**

## **પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટીશનર ઇન મીડવાઇફરી કોર્ષ**

(અધિક નિયામક શ્રી,આરોગ્ય અને તબીબી સેવાઓ (તબીબી વિભાગ),
બ્લોક નં ૫, ડો. જીવરાજ મહેતા ભવન, જુના સચિવાલય, ગાંધીનગર)

ગુજરાત રાજ્ય સંચાલિત સરકારી નર્સિંગ કોલેજ અમદાવાદ, વડોદરા, સુરત, જામનગર, ભાવનગર અને રાજકોટ ખાતે શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ થી શરુ થનાર એક વર્ષ અને ૬ મહિના (અઢાર મહિના) ના પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટીશનર ઇન મીડવાઇફરી કોર્ષમાં પ્રવેશ મેળવવા ઓનલાઈન અરજીપત્રક તા.30/૦૯/૨૦૨૫ થી તા.૦૮/૧૦/૨૦૨૫ સુધી www.gujhealth.gujarat.gov.in પરથી મંગાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો અને પ્રવેશ નિયમો વેબસાઇટ પર ઉપલબ્ધ છે.

**સભ્ય સચિવ શ્રી,**
**પરીક્ષા પ્રવેશ સમિતિ**

## <u>પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)</u>

### <u>પ્રવેશ સીટ</u>

પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટીશનર ઇન મીડવાઇફરી કોર્ષમાં ગુજરાત સરકાર શ્રી ધ્વારા તેમજ ગુજરાત નર્સિંગ કાઉન્સીલ માન્ય સરકારી નર્સિંગ કોલેજમાં કુલ ૧૨૦ સીટ રહેશે. જેમાં નીચે મુજબની સરકારી નર્સિંગ કોલેજ અને સીટો છે.

સરકારી નર્સિંગ કોલેજ, અમદાવાદ: 20 સીટ

સરકારી નર્સિંગ કોલેજ, વડોદરા: 20 સીટ

સરકારી નર્સિંગ કોલેજ, ભાવનગર: 20 સીટ

સરકારી નર્સિંગ કોલેજ, જામનગર: 20 સીટ

સરકારી નર્સિંગ કોલેજ, સુરત: 20 સીટ

સરકારી નર્સિંગ કોલેજ, રાજકોટ: 20 સીટ

**<u>પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)</u>**

**<u>રજીસ્ટ્રેશન માટે જરુરી ડોક્યુમેંટ</u>**

1. ડીપ્લોમા / ડીગ્રી નર્સિંગ પરીક્ષાનાં તમામ પ્રયત્નોની માર્કશીટ
2. શાળા છોડ્યા અંગેનુ પ્રમાણ પત્ર
3. યુનિવૅસીટીનું બેઝીક બી.એસી.સી. નર્સિંગ/પોસ્ટ બેઝીક નર્સિંગ/ એમ.એસ.સી નર્સીંગ ડીગ્રી નર્સિંગનુ  પ્રમાણપત્ર
4. ગુજરાત નર્સિંગ કાઉન્સીલનાં રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર તથા લાગુ પડતું એડિશનલ રજીસ્ટ્રેશનનું પ્રમાણપત્ર .
5. S.S.C. પરીક્ષાનું પાસીંગ પ્રમાણપત્ર.
6. ક્વોલિફાઇંગ પરીક્ષા ધોરણ  12 (HSC) માર્ક શીટ .
7. અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતી, સામાજીક અને  શૈક્ષણિક રીતે પછાત વર્ગ અંગેનુ પ્રમાણપત્ર
8. ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા બાબતમા સક્ષમ અધિકારીનુ ચાલુ શૈક્ષણિક વર્ષનું પ્રમાણપત્ર (સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે)
9. સંબંધિત સત્તાધિકારી તરફથી આર્થિક રીતે નબળા વર્ગ  (EWS) પ્રમાણપત્ર
10. શારીરિક ખોડ-ખાપંણ અંગેનુ વિકલાંગતાનું પ્રમાણપત્ર, રચાયેલ મેડિકલ બોર્ડ દ્વારા જારી કરાયેલ અને યોગ્ય રીતે સહી કરેલું અથવા હેતુ માટે અધિકૃત તબીબી અધિકારી, (શારીરિક રીતે અસક્ષમ ઉમેદવારો માટે)
11. વ્યાવસાયિક અનુભવનું પ્રમાણપત્ર.

    (જે સંસ્થામા કામ કરેલ હોય તે સંસ્થાઓના સક્ષમ અધિકારી પાસેથી મેળવેલ અનુભવનું પ્રમાણપત્ર)
12. શારિરીક તંદુરસ્તીનુ પ્રમાણપત્ર -નિયત નમુનામાં એમ.બી.બી .એસ .કે તેથી વધુ લાયકાત ધરાવતા તબીબનુ હોવું જોઇએ.
13. ગુજરાત સરકાર હસ્તક ફરજ બજાવતા નર્સિંગ સંવર્ગના કર્મચારીઓએ કરેલ સીધી અરજી માન્ય ગણવામાં આવશે અને અરજી કર્યા અંગેની જાણ પોતાના ખાતાને અચુક કરવાની રહેશે તે સબબનું સરકારશ્રીનું “ના વાંધા પ્રમાણપત્ર” મેળવવાનું રહેશે.

**પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ(NPM) માટેના ઉમેદવારનું શારિરીક પ્રમાણપત્ર**

આથી હું પ્રમાણિત કરૂ છું કે, શ્રી/શ્રીમતી/કુમારી

…………………………………………………………………………………………………………………

ને મેં તપાસ્યા છે અને **પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ** ની તાલીમમાં પ્રવેશ મેળવવા અંગેના ઉમેદવાર તરીકે તેમને કોઇપણ જાતનો રોગ, શારિરીક, બંધારણીય નબળાઇ અથવા શારિરીક ખામી નથી સિવાય કે.....................

હું ઉપરોક્ત ખામીને **પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ** માં પ્રવેશ મળવા બાબતે બાધ ગણતો નથી /બાધ ગણું છું .

ઓળખના નિશાન : (૧) ....................................................

(૨)................................................

ડાબા હાથના અંગુઠાનુ નિશાન:

(૧) તબીબની સહી :

(૨) પુરેપૂરુ સરનામુ:

(3) લાયકાત:

(૪) રજીસ્ટ્રેશન નં:.

## પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)

## લાયકાતના ધોરણો

૧) ઇચ્છુક ઉમેદવાર ભારતનો નાગરીક હોવો જોઈએ

૨) ઇચ્છુક ઉમેદવાર માટે ઉંમરનો બાધ લાગુ પડતો નથી.

૩) ઇચ્છુક ઉમેદવાર ડિપ્લોમા ઇન જનરલ નર્સિંગ અને મિડવાઇફરી અથવા બી.એસ.સી.(નર્સિંગ)/પોસ્ટ બેઝીક બી.એસ.સી.(નર્સિંગ)/ કરીને ગુજરાત નર્સિંગ કાઉન્સીલમાં "રજીસ્ટર્ડ નર્સ અને રજીસ્ટર્ડ મિડવાઈફ" તરીકે નોંધણી કરાવેલ હોવી જોઈએ

૪) ઉમેદવારને ઓછામાં ઓછો ૨ વર્ષનો મેટરનીટી કેર નો  ક્લિનિકલ અનુભવ ધરાવતા હોવો જોઈએ.

૫) સરકારશ્રી હસ્તક ફરજ બજાવતા ઇચ્છુક કાયમી નર્સીંગ કર્મચારી/અધિકારીઓએ NPM કોર્ષ સ્વ ખર્ચે કરવાનો રહેશે. (તાલીમ સમયગાળો કર્મચારીની રજામાં ગણવાનો રહેશે)

## પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)

## પ્રવેશ ધોરણો

- ઉમેદવારે ઓનલાઈન અરજી ફી ફરજિયાત ભરવાની રહેશે. જેમાં જનરલ કેટેગરી તથા EWSનાં ઉમેદવાર માટે રૂ.૧૦૦૦/- તથા અનામત કેટેગરીના ઉમેદવાર માટે રૂ.૫૦૦/- રહેશે.
- ઉમેદવારે શારિરીક યોગ્યતાનું પ્રમાણપત્ર (Physical Fitness Certificate) અરજી સમયે અવશ્ય રજુ કરવાનું રહેશે.
- સરકારશ્રી હસ્તક ફરજ બજાવતા ઇચ્છુક કાયમી નર્સીંગ કર્મચારી/અધિકારીઓએ NPM કોર્ષ સ્વ ખર્ચે કરવાનો રહેશે. (તાલીમ સમયગાળો કર્મચારીની રજામાં ગણવાનો રહેશે)
- જો સરકારી સેવામાં રહેલા ઉમેદવાર શૈક્ષણિક અભ્યાસક્રમની વચ્ચે અભ્યાસક્રમ છોડી દે તો ગેરહાજર સમયગાળો તેમની પોતાની રજા તરીકે ગણવામાં આવશે. જો ઉમેદવાર પાસે પેઇડ લીવની બેલેન્સ નથી તો ગેરહાજર સમયગાળો બિન પગારી રજા તરીકે ગણવામાં આવશે.
- સરકારશ્રી હસ્તક ફરજ બજાવતા ઇચ્છુક કાયમી નર્સીંગ કર્મચારી/અધિકારીઓએ સક્ષમ અધિકારી શ્રી નું “નાં વાંધા પ્રમાણપત્ર” ફરજિયાત મેળવવાનું રહેશે.
- તાલીમ સમય દરમ્યાન કોઇ પણ પ્રકારની રજા મળવા પાત્ર રહેશે નહિ. તાલીમાર્થીઓને I.N.C., G.N.C નાં ધારા ધોરણ મુજબ જે તે રજા મળવાપત્ર રહેશે.
- ઉમેદવાર જો પ્રવેશ સમયે ગર્ભવતી હોય તો તે સંબંધિત શૈક્ષણિક વર્ષ દરમિયાન તાલીમમાં જોડાવા માટે લાયક રહેશે નહીં.
- ઉમેદવાર જો તાલીમ દરમિયાન ગર્ભધારણ કરે અને જો તેણી જે તે સંબંધિત શૈક્ષણિક વર્ષ દરમિયાન તાલીમ પૂર્ણ કરવામાં સક્ષમ નથી તો તેણીએ મહત્તમ ત્રણ શૈક્ષણિક વર્ષના સમયગાળા સુધીમાં અભ્યાસક્રમ પૂર્ણ કરવો આવશ્યક છે.
- અભ્યાસક્રમ અને પરીક્ષાનું અમલીકરણ ઇન્ડિયન નર્સિંગ કાઉન્સિલ, ન્યુ દિલ્હી અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદ દ્વારા માન્ય કરેલ ધારા ધોરણો મુજબ રહેશે.
- NPM કોર્ષની અંતિમ પરીક્ષા અને ગુજરાત નર્સિંગ કાઉન્સિલ, અમદાવાદ દ્વારા લેવામાં આવશે.

## પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)

## અનામત બેઠકો માટેના નિયમો :

- પ્રવેશના હેતુ માટે, બેઠકો એવા ઉમેદવારો માટે અનામત રાખવામાં આવશે કે જેઓ મુળ ગુજરાતના છે અને નીચેની શ્રેણીઓ હેઠળ આવે છે:

  (a) અનુસૂચિત જાતિ :07%

  (b) અનુસૂચિત જનજાતિ: 15%

  (c) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો :27%

  (d) આર્થિક રીતે નબળા વર્ગ (E.W.S.): 10%

  નોંધ - અન્ય રાજ્યોમાંથી સ્થળાંતર કરીને આવેલા માટે અનામત બેઠકોનું આરક્ષણ લાગુ પડશે નહીં.
- અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માંગતા ઉમેદવારે જાતિનું પ્રમાણપત્ર અવશ્ય રજૂ કરવાનું રહેશે. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગનાં ઉમેદવારે જાતિ પ્રમાણપત્ર ઉપરાંત ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા બાબતમા સક્ષમ અધિકારીનુ પ્રમાણપત્ર પણ રજૂ કરવાનું રહેશે.
- જાતિનું પ્રમાણપત્ર રાજ્ય સરકારનાં સક્ષમ અધિકારી દ્વારા જો યોગ્ય રીતે સહી કરેલ, સ્ટેમ્પ થયેલ અને ઈસ્યુ કરવામાં આવેલ ન હોય તો તે માન્ય રાખવામાં આવશે નહી.
- ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવાનું પ્રમાણપત્ર રાજ્ય સરકારનાં સક્ષમ અધિકારી દ્વારા જો યોગ્ય રીતે સહી કરેલ, સ્ટેમ્પ થયેલ અને ઈસ્યુ કરવામાં આવેલ ન હોય તો તે માન્ય રાખવામાં આવશે નહી. ગુજરાત સરકાર દ્વારા .આવા પ્રમાણપત્રની માન્યતા રાજ્ય સરકારની પ્રવર્તમાન નીતિ મુજબ રહેશે.
- જો ઉમેદવાર ઉપર પ્રમાણેનાં જરૂરી પ્રમાણપત્રો નિયત સમય મર્યાદાની અંદર જમા કરવામાં નિષ્ફળ જાય, તો તે ઉમેદવારને બિન અનામત શ્રેણી હેઠળ પ્રવેશ માટે ધ્યાનમાં લેવામાં આવશે નહી.
- જો અનામત કેટેગરીના ઉમેદવારને મેરિટના ક્રમ અનુસાર બિનઅનામત બેઠક પર પ્રવેશ મળે તો તેને તેની પસંદગી અનુસાર બિનઅનામત બેઠક પર પ્રવેશ આપવામાં આવશે.
- અનામત બેઠકો પર અનામત વર્ગના ઉમેદવારનો પ્રવેશ રાજ્ય સરકારનાં સક્ષમ અધિકારી દ્વારા જાતિ પ્રમાણપત્રની ચકાસણીને આધીન માન્ય રહેશ. જો વેરિફિકેશનમાં જાતિનું પ્રમાણપત્ર અમાન્ય જણાય તો તેને અનામત બેઠક પર પ્રવેશ મેળવવાનો અધિકાર રહેશે નહીં અને જો તેને પહેલેથી જ પ્રવેશ આપવામાં આવ્યો હોય તો તે પ્રવેશ રદ કરવામાં આવશે.
- અનામત કેટેગરીના તમામ ઉમેદવારોને અનામત બેઠકો પર પ્રવેશ આપ્યા પછી ખાલી રહેતી અનામત કેટેગરીની બેઠકો બિનઅનામત શ્રેણીની બેઠકોમાં તબદીલ કરવામાં આવશે.

## <u>પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)</u>

## <u>પસંદગી પ્રક્રીયા માટેની પરીક્ષા પધ્ધતિ</u>

NPM કોર્ષ પસંદગી પ્રકીયા પ્રવેશ પરીક્ષાનાં આધારે કરવામાં આવશે તેમજ પ્રવેશ પરીક્ષા સમિતિ ધ્વારા નિયત થયેલ સેન્ટર પ્રવેશ પરીક્ષાનું આયોજન કરશે. પ્રવેશ પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે જેમાં લેખિત અને OSCE પધ્ધતિ અનુસરવામાં આવશે.

(૧) **<u>ભાગ-૧ લેખિત પરીક્ષા</u>** :

લેખિત પરીક્ષા કુલ ૬૦ ગુણની રહેશે જેમાં ૪૦ ગુણ Multiple choice questions. અને ૨૦ ગુણનાં short essay સમાવેશ કરવામાં આવશે .પરીક્ષાનો સમયગાળો ૨ કલાકનો રહેશે . લેખિત પરીક્ષા પાસીંગ ગુણાંક ૩૫%નું રહેશે .

**<u>(૨) ભાગ-૨ OSCE</u>**

OSCEની પરીક્ષા ૪૦ ગુણની રહેશે. OSCEની પરીક્ષા પ્રવેશ પરીક્ષા સમિતિ ધ્વારા નિયત થયેલ સેન્ટર ખાતે લેવામાં આવશે. OSCEમાં પાસીંગ ગુણાંક ૩૫%નું રહેશે.

**<u>પ્રવેશ પરીક્ષાનો સિલેબસ</u>** :

પ્રવેશ પરીક્ષામાં Antenatal, Intrapartum, Postnatal, Complication management અને Neonatal care ને લગતા અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવશે.

## પોસ્ટ બેઝીક ડીપ્લોમા ઇન નર્સ પ્રેક્ટિશનર ઇન મીડવાઇફરી કોર્ષ (NPM)

### NPMનાં આખા કોર્ષની કુલ ફી નું ધોરણ-:

| | | |
|---|---|---|
| પ્રવેશ ફી | રૂ. | ૫000/- |
| ટ્યુશનફી | રૂ. | ૧૫,000/- |
| લાયબ્રેરી ફી | રૂ. | ૫00/- |
| પરચુરણ ફી | રૂ. | ૫00/- |
| હોસ્ટેલ ફી | રૂ. | ૧૫,000/- |
| **કુલ રૂ.** | **રૂ.** | **૩૬,000/- અંકે રૂપિયા (છત્રીસ હજાર પુરા)** |

- ઉમેદવારે Caution Money (ડિપોઝીટ) નાં રૂ.૫000/- અલગથી ભરવાના રહેશે.
- મેસ ફી અલગથી ઉમેદવારોએ ભરવાની રહેશે.
- પ્રવેશ પરીક્ષા ફી અલગથી ઉમેદવારોએ ભરવાની રહેશે.

### પ્રવેશ રદ અને ફી પરતના નિયમો-:

- કોર્સ પૂરો થયા પછી ઉમેદવારને રૂ.૫000/- ની (ડિપોઝીટ) Caution Money પરત કરવામાં આવશે પણ જો ઉમેદવાર દ્વારા તાલીમ દરમ્યાન નુકસાન થાય તો જમા કરેલ ડિપોઝીટના નાણા પરત કરવામાં આવશે નહીં.
- જો ઉમેદવાર પ્રવેશ પ્રક્રિયા પહેલા પ્રવેશ રદ કરે તો ભરેલી ફી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ જ ઉમેદવારને તેણે ભરેલી ફી પરત આપવામાં આવશે.
- જો ઉમેદવાર કોર્સ પૂર્ણ ન કરે અથવા વચ્ચેથી કોર્સ છોડી દે અથવા ઉમેદવાર એડમીશન રદ કરાવે તો તેણે ભરેલી ફી કોઈ પણ સજોગોમાં પરત કરવામાં આવશે નહીં.